# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## સીધી ભરતીની જા.ક્ર.૩૨૮/૨૦૨૫૨૬, ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ-૩ સંવર્ગની જગ્યામાં વધારો તેમજ અન્ય સુધારા અંગેની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના ખાતાના વડા **કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી હેઠળના જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના પેરામેડીકલ સંવર્ગના ફિઝિયોથેરાપીસ્ટ**, વર્ગ-૩, સંવર્ગની કુલ-૧૩૮ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જા.ક્ર.૩૨૮/૨૦૨૫૨૬, તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરી તા.૦૯/૧૨/૨૦૨૫ થી તા.૧૫/૦૧/૨૦૨૬ દરમ્યાન ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કમિશ્નરશ્રી(આરોગ્ય-અર્બન)ની કચેરીના તબીબી સેવાઓ પ્રભાગ હસ્તકના **ફિઝિયોથેરાપીસ્ટ**, વર્ગ-૩ ની કુલ-૫૬ જગ્યાઓ તથા તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હસ્તકના **ફિઝિયોથેરાપીસ્ટ / ટ્યુટર કમ ફિઝિયોથેરાપીસ્ટ**, વર્ગ-૩ સંવર્ગની કુલ- ૧૮ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેના માંગણીપત્રકો મળેલ છે. જે અનુસાર **ફિઝિયોથેરાપીસ્ટ**, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓમાં સુધારો કરવાનો થાય છે. તેથી તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ ઉકત સંયુક્ત જાહેરાતના પૃષ્ઠ ૨ પર દર્શાવેલ જા.ક્ર.૩૨૮/૨૦૨૫૨૬ ની **ફિઝિયોથેરાપીસ્ટ**ની જગ્યાઓમાં વધુ ૭૪ જગ્યાઓનો ઉમેરો થયેલ હોઈ કુલ-૨૧૨ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આથી નીચે દર્શાવ્યા મુજબની ભરતી કરવા માટેની જગ્યાઓ સંબંધિત ઉમેદવારોએ ધ્યાને લેવાની રહેશે.

**ઉકત વિગતો ધ્યાને લઇ આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજીપત્રકો સ્વીકારવાનો સમયગાળો તા.૨૪/૦૨/૨૦૨૬ (સમય બપોરના ૧૪-૦૦ કલાક) થી તા.૦૫/૦૩/૨૦૨૬ (રાત્રિના ૨૩-૫૯ કલાક) સુધી લંબાવવામાં આવે છે. ઓનલાઇન પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૦૮/૦૩/૨૦૨૬ (રાત્રિના ૨૩-૫૯ કલાક) ની રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.**

**જગ્યાની વિગતો :- ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ-૩ સંવર્ગ**

| ખાતાના વડાની કચેરી | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી હેઠળના જાહેર આરોગ્ય પ્રભાગ | ૧૩૮ | ૩૫ | ૧૩ | ૦૫ | ૪૪ | ૪૧ | ૧૧ | ૦૪ | ૦૧ | ૧૪ | ૧૩ | ૦૦ | ૧૩ |
| કમિશ્નરશ્રી(આરોગ્ય-અર્બન)ની કચેરીના તબીબી સેવાઓ પ્રભાગ | ૫૬ | ૨૫ | ૦૫ | ૦૪ | ૦૮ | ૧૪ | ૦૮ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૫ |
| તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | ૧૮ | ૦૯ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| કુલ | ૨૧૨ | ૬૯ | ૧૯ | ૦૯ | ૫૫ | ૬૦ | ૨૧ | ૦૫ | ૦૨ | ૦૭ | ૧૮ | ૦૦ | ૧૯ |

| ખાતાના વડાની કચેરી | કુલ જગ્યાઓ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
|---|---|---|---|---|---|---|
| | | A | B | C | D | E |
| (૧) કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી હેઠળના જાહેર આરોગ્ય પ્રભાગ<br>(૨) કમિશ્નરશ્રી(આરોગ્ય–અર્બન)ની કચેરીના તબીબી સેવાઓ પ્રભાગ<br>(૩) તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ | | B, LV | D, HH | OA, OL, BL, OAL, Dw, AAV, SD, SI (Without any associated neurological/limb dysfunction) | SLD (40-70)% , MI (40-70)% | MD |
| કુલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**B (Blind), LV (low vision), D (Deaf), HH (Hard of hearing), OA (One Arm), OL (One leg), BL (Both leg)** , **OAL** (One arm and one leg), **Dw** (Dwarfism) , **AAV** (Acid Attack Victim), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury) **(Without any associated neurological/limb dysfunction)**, **SLD** (Specific learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D

**નોંધઃ–**(૧) કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી હેઠળના જાહેર આરોગ્ય પ્રભાગ, કમિશ્નરશ્રી(આરોગ્ય–અર્બન)ની કચેરીના તબીબી સેવાઓ પ્રભાગ તથા તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગની કચેરીમાં ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ–૩ સંવર્ગ માટેના ભરતી નિયમો સંયુક્ત કરેલ હોઇ શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા તથા પગાર ધોરણ એકસમાન હોઈ **જા.ક્ર.૩૨૮/૨૦૨૫૨૬, ફિઝિયોથેરાપીસ્ટની** જાહેરાતમાં દર્શાવેલ જગ્યામાં વધારો કરવામાં આવેલ છે.

(૨) અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારોએ (૧) કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી (૨) કમિશ્નરશ્રી(આરોગ્ય–અર્બન)ની કચેરીના તબીબી સેવાઓ પ્રભાગ અને (૩) તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગની કચેરીમાં નિમણૂક માટે તેમની પસંદગીનો ક્રમ બતાવવાનો રહેશે.

(૩) અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે એકવાર મંડળને સબમિટ કર્યા પછી પસંદગીના ક્રમમાં કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(૪) કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય)ની કચેરી, કમિશ્નરશ્રી(આરોગ્ય–અર્બન)ની કચેરીના તબીબી સેવાઓ પ્રભાગ તથા તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગની કચેરીમાં ખાલી જગ્યાઓની યોગ્યતાના ક્રમને ધ્યાનમાં રાખીને, ફાળવણી કરતી વખતે ઉમેદવારોની પસંદગીને ધ્યાનમાં લેવામાં આવશે.

**વધુમાં, મંડળની વેબસાઈટ પર તા:૦૬/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જા.ક્ર.૩૨૮/૨૦૨૫૨૬, ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગ–૩ સંવર્ગની વિગતવાર જાહેરાતના નીચે મુજબના મુદ્દાઓમાં સુધારો ધ્યાને લેવાનો રહેશે.**

**(૧) મુદ્દા નં. ૯. શૈક્ષણિક લાયકાતની વિગતો:–**

સદરહું સંવર્ગના ભરતી નિયમો અંગે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના તા:૨૨/૦૧/૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: G.Y./01/MGC/2011/903/S ની જોગવાઈ મુજબ નીચે મુજબનો સુધારો ધ્યાને લેવાનો રહેશે.

" 7. The Candidate shall require to get himself registered with Gujarat State Council for Physiotherapy or Gujarat State Allied and Healthcare Council or National Commission for Allied and Healthcare Professions or its successor as on the date of appointment."

**(૨) મુદ્દા નં. ૧૩. દિવ્યાંગ ઉમેદવારોના પેટા મુદ્દા નંબર (૩)માં** નીચે મુજબનો સુધારો ધ્યાને લેવા વિનંતી છે.

(૩) દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/ ૧૦૨૦૦૦/જીઓઆઈ–૭/ગ–૨ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યંગતાની ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક : **GAD/PHA/e-file/1/2023/ 8017/G2-Section** થી પરિપત્રિત થયા મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** અમલી થતા દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૫/૧૨/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંકઃ HFWD/MSM/e-file/7/2024/1833/A અન્વયે The Rights of Persons with Disabilities Rules, 2017 થી નિયત થયેલ Form – V, VI, VII મુજબનું દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate) (જે લાગુ પડે તે મુજબ) ઉમેદવારોએ આપવાનું રહેશે.**

**(૩) મુદ્દા નં. ૨૧. પરીક્ષા પદ્ધતિ:–**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/ ૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક અને **સામાન્ય વહીવટ વિભાગના તા:૧૬/૧૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક** થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી CBRT/OMR (Computer Based Response Test/ Optical Mark Recognisation પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. આ પ્રશ્નપત્રના Part-A અને Part-B નું માળખું નીચે મુજબ રહેશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

## Part – A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| ૩ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

## Part – B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) **Part-A** માં કુલ ૯૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૪) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઇનલ આન્સર કી માં કોઇ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

જા.ક્ર.૩૨૮/૨૦૨૫૨૬ અન્વયે ઉપર દર્શાવેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઇઓ/બાબતો **તા:૦૬/૧૨/૨૦૨૫**ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર** | **સચિવ**
**તારીખ: ૨૪/૦૨/૨૦૨૬** | **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**